Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-3, December-2019
Impact Factor:4.081
www.researchguru.net

# ૧૮ વર્ષ કરતા નાની વયની માતા તથા તેના બાળકની શારીરિક, માનસિક વિકાસની સ્થિતિ અને સમસ્યા એક અભ્યાસ

**શ્વેતાંગીની સુરેશભાઈ પટેલ**

M.PHIL વિદ્યાર્થી, સમાજકાર્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪, EMAIL- SWEETUPATEL811@GMAIL.COM,

મો.નં. 7016149401, 7069716313

*સારાંશ :*

*સમાજકાર્યનું એક ક્ષેત્ર બાળકો છે જેના સંદર્ભમાં અનેક સમસ્યાઓ છે જેવી કે બાળમજૂરી, બાળભિક્ષાવૃતિ, બાળલગ્ન, જેમાં આપને બાળલગ્ન વિશે વાત કરીએ તો બાળલગ્ન અધિનિયમ ૨૦૦૬ અંતર્ગત ૧૮ વર્ષથી મોટી વયની છોકરી અને ૨૧ વર્ષથી મોટી વયનો છોકરો લગ્નગ્રંથિથી જોડાઈ શકે છે. પરંતુ સમાજમાં આ કાયદાનું સંપૂર્ણ પણે પાલન થતું નથી. સમજમાં વિવિધ કારણોસર ૧૮ વર્ષ કરતા નાની વયે લગ્ન થવાના કારણે તેઓના રમવા ફરવાના દિવસોમાં જવાબદારી ઉપાડવી પડે છે. દીકરીઓ શિક્ષણ પ્રાપ્ત કરી શકતી નથી, અને છેવટે તે નાની વયે માતૃત્વ ધારણ કરે છે, જેથી તેમના બાળઅધિકારો જોખમાય છે. .બાળલગ્ન એટલે એવા લગ્ન જેમાં લગ્ન કરનાર બે પક્ષ પૈકી કોઈ પણ પક્ષ બાળક હોય. બાળક એટલે જો પુરૂષ હોય તો જેણે ૨૧ વર્ષને ઉંમર પૂરી કરી નથી અને જો સ્ત્રી હોય તો જેણે ૧૮ વર્ષની ઉંમર પૂરી કરી નથી.(1) ભારતમાં બાલલગ્નની સ્થિતિ જોઈએ તો ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ૧૦ વર્ષથી ઓછી ઉંમરમાં ૭ મિલિયન, ૧૦ થી ૧૧ વર્ષની ઉંમરમાં ૧ મિલિયન, ૧૨ થી ૧૩ વર્ષની ઉંમરમાં ૫ મિલિયન, ૧૪ થી ૧૫ વર્ષની ઉંમરમાં ૨૦ મિલિયન, ૧૬ થી ૧૭ વર્ષની ઉંમરમાં ૪૦ મિલિયન લોકોના બાળલગ્ન થયેલા છે.(2) નાની વયે લગ્ન થાય ત્યારે નાની વયે માતા બને છે જે સ્થિતિ બાળલગ્ન સાથે જોડાયેલી છે. જ્યારે નાની ઉંમરે લગ્ન થાય ત્યારે શારીરિક સંબધો, ગર્ભધારણ કરવો, ગર્ભાવસ્થા દરમ્યાન કાળજી રાખવી, પોષણ યુક્ત આહાર જેવી અનેક વાતોથી અજાણ હોય છે જેથી તેને સગર્ભાવસ્થા, બાળક જન્મ અને બાળક ઉછેરમાં મુશ્કેલી ઊભી થાય છે. માતાનો શારીરિક અને માનસિક વિકાસ પણ સંપૂર્ણ ન હોવાથી માતા અને બાળક બંનેને સવાસ્થ્ય સંબધિત સમસ્યાઓનો પણ સામનો કરવો પડે છે.*

***ચાવીરૂપ શબ્દો*** *: 18 વર્ષ, નાની વય, માતા, બાળક, શારીરિક-માનસિક વિકાસ, સ્થિતિ અને સમસ્યા*

---

સમાજમાં સદીઓથી અનેક સામાજિક સમસ્યાઓ પ્રવર્તે છે, જેવી કે બાળતસ્કરી, કુપોષણ, બાળલગ્ન આજે પણ એક સમસ્યા જ છે. ૧૮ વર્ષ કરતા નાની વયે માતા બનવું તે સમસ્યાના મૂળમાં તો બાળલગ્ન જ છે.સમસ્યાના માત્ર સ્વરૂપમાં પરિવર્તન આવ્યું છે. વર્ષો પહેલા પણ બાળલગ્ન થતાં હતા અને આજે પણ કાયદાની આડમાં પણ બાળલગ્ન થાય છે. 18 વર્ષ કરતા ઓછી ઉંમરમાં બાળક આવે ત્યારે માતાનો શારીરિક વિકાસ સંપૂર્ણ થયેલ હોતો નથી જેથી બાળકને પણ વિકાસ સંદર્ભે પ્રશ્નો ઊભા થાય છે. માતા બાળકના ઉછેર માટે સક્ષમ ન હોય જેથી તે પરસ્થિતિ તણાવ ભરી બને છે જે માતા અને બાળકના માનસિક વિકાસને પણ અવરોધે છે.

બાળલગ્ન પર પ્રતિબંધ મૂકવાની શરૂઆત તો ૧૮૬૦ થી શરૂ થઈ એ વખતે ઇન્ડિયન પિનલ કોડમાં દસ વર્ષથી નીચેની ઉંમરની કન્યા સાથે વૈવાહિક સુખ માણવું તેને બળાત્કાર ગણવાની અને સખત શિક્ષા ફટકારવાની જોગવાઈ કરવામાં આવી હતી. ૧૯૨૯ માં બાળલગ્ન અટકાયત ધારો અમલમાં આવ્યો અને ૧૯૭૭ માં તેમાં વર કન્યાની ઉંમર વધારતો સુધારો કરવામાં આવ્યો.(3)

ગુજરાતમાં ૨003 થી ૨૦૧૧માં ૬.૪૯ લાખ લગ્ન થયેલ છે જેમાં ૧.૯૮ લાખ લગ્ન શહેરી વિસ્તારોમાં થયેલ છે. ૨૦૧૧ ના સેન્સેસ ડેટા પ્રમાણે ૨૦૦૮-૨૦૧૧ માં ૩.૦૨ લાખ લગ્ન થયેલ છે. કેગના રિપોર્ટ પ્રમાણે બાળલગ્ન કાયદાનું પાલન ગુજરાતમાં અસરકારક નથી. ૨૦૦૯-૨૦૧૪ માં ૬૫૯ ફરિયાદ બાળલગ્ન અંગે નોંધાયેલ છે.(4)

બાળલગ્ન થવાના કારણો જોઈએતો સામાજિક પરંપરા, સાટા પધ્ધતિથી લગ્ન, કુટુંબની નબળી આર્થિક સ્થિતિ, છોકરીની જવાબદારીમાંથી મુક્ત, યોગ્ય પાત્ર ન મળવાનો ભય, સગા-સંબંધીના દબાણને કારણે, અમુક

જ્ઞાતિમાં ઉંમર વધતાં લગ્ન ન થાય, બાળકો પોતાની મરજીથી લગ્ન કરી લેવાનો ભય વગેરે કારણો મુખ્ય જોવા મળે છે.

નાની ઉંમરે બાળલગ્ન કરવાથી તેની નીચે મુજબની અસરો જોવા મળે છે. બાળકોનું બાળપણ છીનવાય, નાની ઉંમરે સ્ત્રીને વધુ જવાબદારી આવવી, શિક્ષણ પ્રાપ્ત કરવાની તક ન મળે, રોજગારીની તકો છીનવાય, છૂટાછેડાનું પ્રમાણ વધે, નાની વયે બાળકને જન્મ આપવો, શારીરિક સ્થિતિ નબળી, બાળકોમાં કુપોષણ, લગ્ન સંબંધોની સમજનો અભાવ, ગર્ભાવસ્થા અને બાળકના જન્મ બાદ પોતાની અને બાળકની કાળજી રાખવાની સમાજનો અભાવ જોવા મળેલ છે.

નાની ઉંમરે લગ્ન થવાથી તેમને સ્ત્રી-પુરુષ વચ્ચે શારીરિક સંબંધ, ગર્ભનિરોધક સાધનોનો ઉપયોગ કરવા વિશે, ગર્ભ રહેવો , બાળકનો જન્મ અને બાળકની કાળજી લેવા સબંધિત સમજણનો અભાવ જોવા મળ્યો છે. ગર્ભાવસ્થા દરમ્યાન માતાને ધ્રુજારી, ખેંચ, માથું દુ:ખવું, પગે સોજા આવવા, એનીમિયા, માસિક ચાલુ રહેવું, ગર્ભાવસ્થામાં લોહી વહી જવું જેવા પ્રશ્નો જોવા મળ્યા છે. બાળકના જન્મ પછી બાળકનું વજન ખૂબ જ ઓછું હોવું, શ્વાસ લેવામાં તકલીફ, ખેંચ આવવી જેવા જોખમોનો સામનો કરવો પડ્યો છે.

અભ્યાસના હેતુઓ:-

1. બાળલગ્ન થયા છે તેવી કિશોરીઓ લગ્નજીવન અને જાતીયજીવન વિષે શું સમજ ધરાવે છે તે જાણવું.
2. 18 વર્ષથી નીચેની વયે જન્મ આપતી માતા અને તેના બાળકોમાં કેવા પ્રકારના જોખમો છે તે જાણવા.

(માતા મૃત્યુદર 100000 જન્મતા બાળકોએ)[5]

| વર્ષ | માતામૃત્યુદર પ્રમાણ |
|---|---|
| 2006-2004 | 160 |
| 2007-2009 | 148 |
| 2010-2012 | 122 |
| 2011-2013 | 122 |
| 2013-2014 | 72 |
| 2014-2015 | 80 |
| 2015-2016 | 85 |

ઉપર મુજબના આંકડા દર્શાવે છે કે માતામૃત્યુ દર કેટલો છે જેના મૂળમાં ક્યાક નાની ઉંમરે માતા બનવું એ પણ છે. જયારે નાની ઉંમરે ગર્ભ ધારણ કરે ત્યારે સ્ત્રીનો શારીરિક વિકાસ એક બાળકને જન્મ આપી શકે તેટલો હોતો નથી અને માતૃત્વ ધારણ કરવાની અને પોતાની કાળજી રાખવાની પણ સમજ વિકસી હોતી નથી.

(બાળમૃત્યુદર 1000 જન્મતા બાળકોએ)[6]

| વર્ષ | બાળમૃત્યુદર પ્રમાણ |
|---|---|
| 2008 | 50 |
| 2009 | 48 |
| 2010 | 44 |
| 2011 | 41 |
| 2012 | 38 |
| 2013 | 36 |

ઉપર મુજબના આંકડા એ દર્શાવે છે કે હજુ પણ બાળમરણ નું પ્રમાણ ઘટાડી શકાયું નથી. જ્યારે સ્ત્રી નાની ઉંમરે બાળકને જન્મ આપે છે ત્યારે તે પોતે પરિપકવ હોતી નથી અને સગર્ભાવસ્થામાં પોતાની સંપૂર્ણ કાળજી રાખી શકતી નથી ત્યારે તેની સીધી અસર તેના આવનાર બાળક પર જોવા મળતી હોય છે. જેથી માતા અને બાળક બને કુપોષણ નો ભોગ બને છે.

**તારણ અને નિષ્કર્ષ** :-

1. શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળેલ છે.
2. લગ્નજીવન અને જાતીયજીવન અંગેની સમજનો અભાવ જોવા મળ્યો છે.
3. 16 વર્ષથી નાની ઉંમરમાં ગર્ભધારણ કરવાની સરેરાશ વય છે.
4. માતા બાળકની કાળજી અને સારસંભાળમાં મુશ્કેલી અનુભવે છે જેથી કુટુંબના સભ્યો બાળકની સંભાળ લે છે.
5. માતા અને બાળકની શારીરિક સ્થિતિ નબળી જોવા મળેલ છે.
6. ઠાકોર, ચુનારા, દરબાર, રાવળ વગેરે જ્ઞાતિઓમાં બાળલગ્નનું પ્રમાણ વધુ જોવા મળેલ છે.

**પ્રસ્તુત સંશોધનના ક્રિયાત્મક પગલાંઓ/સુચનાઓ નીચે મુજબ છે.**

1. બાળકોને શાળાઓમા જાતિય શિક્ષણ અને જીવન કૌશલ્ય અંગે જ્ઞાન આપવું જોઈએ.
2. આંગણવાડીમાં બનાવવામાં આવતા કિશોરી જૂથોને સક્રિય કરી જીવન કૌશલ્ય અંગે તાલીમ અને માર્ગદર્શન આપવું. આંગણવાડી કાર્યકરોને સંવેદનશીલ બનાવવા.
3. નાની વયે બાળલગ્ન અટકાવવા જે તે જ્ઞાતિના આગેવાનો ને જાગૃત કરવા જોઈયે.
4. માતૃત્વ અને બાળ ઉછેર અંગેની સમજ વિકસાવવી જોઈએ.

સંદર્ભસૂચિ :

1.ભારત સરકારનું ગેઝેટ, ૧૧ જાન્યુઆરી ૨૦૦૭, કાનૂની અને ન્યાય મંત્રાલય.

2.https:/www.google.com/search?q=vasti+gantari+2011 +in+Gujarat+child+marriage+data& client

3. ગુજરાત સમાચાર, ૨૦ જાન્યુઆરી ૨૦૧૬, શતદલ પેજ નં. 3.

4.M.timesofindia.com/city/Ahmedabad/6-49-lakh-milors-married-in-gujarat-between-2003-2011/articleshow/52469353.(mss)

5.https://www.google.co.in/amp/m.indiatoday.in/lite/story/gujrat-maternal-mortality-rate-rising-since-2014-cag/1/918199.html

6. niti.gov.in/content/infant-mortality-rate-imr-1000-live-birthss